©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, JULY 2, 2026 / ASADHA 11, 1948** **[No. 27**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1645-1700	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	53
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	27	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	685-723

પોલીસ કમિશનર દ્વારા

વંચાણે લીધા :

(૧) પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામાં હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ તથા

(૨) પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૮/૨૦૨૩, તા.૧૦/૪/૨૦૨૩ અન્વયે.

જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૭/૨૦૨૫.-હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નવા વર્ષની ઉજવણી નિમિત્તે જાહેર વ્યવસ્થા જાળવવા, ટ્રાફીકના સુચારુ નિયમન તથા નાગરિકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ જારી કરૂ છું.

-: હુકમ :-

અમદાવાદ શહેરમાં તા.૩૧/૧૨/૨૦૨૫ અને તા.૦૧/૦૧/૨૦૨૬ વચ્ચેની રાત્રી દરમિયાન નવા વર્ષની ઉજવણી નિમીતે મોટી જનમેદની ભેગી થતી હોય છે. જેના નિયમન સારૂ નીચે મુજબના વિવિધ પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

૧. **સી.જી.રોડ :** સી.જી.રોડના સ્ટેડીયમ સર્કલ થી પંચવટી સુધી ૩૧/૧૨/૨૦૨૫ ના કલાક ૧૮.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૦૩.૦૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ રાખવામાં આવે છે.

વૈકલ્પિક અવર જવરના રૂટ :

- સમથેશ્વર મહાદેવથી બોડીલાઈન ચાર રસ્તા, ગુલબાઇ ટેકરાથી બોડીલાઈન ચાર રસ્તા થઇ સમથેશ્વર મહાદેવ તરફ આમને સામને બંને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરી શકશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી અને કલાક ૨૦.૦૦ થી તમામ વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.

- મીઠાખળી સર્કલથી ગીરીશ કોલ્ડ્રીક્સ ચાર રસ્તા થઇ સેન્ટ ઝેવિયર્સ રોડ તથા નવરંગપુરા બસ સ્ટેન્ડ થી સ્વસ્તીક ચાર રસ્તા થઈ કોમર્સ છ રસ્તા આમને સામને બન્ને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરવાનો રહેશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી અને કલાક ૨૦.૦૦ થી સદંતર વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.

- સી.જી.રોડ ઉપર આવેલ કાયદેસરની બન્ને બાજુ જે પાર્કિંગ વ્યવસ્થા રાખવામાં આવેલ છે તે પાર્કિંગ વ્યવસ્થા કલાક ૧૮.૦૦ થી બંધ રહેશે.

૨. **સિંધુભવન રોડ:** ઝાઝરમાન ચાર રસ્તાથી તાજ સ્કાયલાઈન ચાર રસ્તા સુધીનો બન્ને બાજુનો માર્ગ ૩૧/૧૨/૨૦૨૫ ના કલાક ૨૦.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૦૩.૦૦ સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે.

વૈકલ્પિક અવર જવરના રૂટ :

- ઝાઝરમાન ચાર રસ્તાથી અશ્વમેઘ બંગલો ચાર રસ્તા થઇ કાલીબારી મંદીર રોડ થઈ ઉમિયા ટ્રેડર્સ ટી થઇ તાજ સ્કાયલાઈન તરફ વાહનો અવર-જવર કરી શકાશે.

- ઝાઝરમાન ચાર રસ્તાથી બાગબાન ચાર રસ્તા થઈ આંબલી ઓવરબ્રિજ મધ્યભાગ થઈ શિલજ સર્કલ તરફ વાહનો અવર-જવર કરી શકાશે.

૩. પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર નાઓના આમુખ (૧) માં નિર્દીષ્ટ કરેલ જાહેરનામાંથી સમગ્ર શહેરમાં સવાર કલાક ૮.૦૦ થી રાત્રીના કલાક ૨૩.૦૦ સુધી ભારે તથા મધ્યમ પ્રકારના માલવાહક અને પેસેન્જર વાહનો તથા આમુખ (૨) થી સવાર કલાક ૮.૦૦ થી રાત્રીના કલાક ૨૨.૦૦ સુધી પેસેન્જર વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે, તે પૈકી પેસેન્જર વાહન સિવાયના તમામ પ્રકારના વાહનો એસ.જી. હાઈવે એટલે કે સરખેજ ગાંધીનગર હાઈવે ઉપર તા.૩૧/૧૨/૨૦૨૫ ના કલાક ૦૮.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૦૩.૦૦ સુધી અવર-જવર કરી શકશે નહી. આ દરમિયાન વાહન ચાલકોએ પ્રતિબંધિત વિસ્તાર સિવાયના સરદાર પટેલ રીંગ રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

૪. પકવાન ચાર રસ્તાથી સાણંદ ચોકડી સુધીના એસ.જી.રોડ અને તેના સર્વિસ રોડ પર તા.૩૧/૧૨/૨૦૨૫ ના કલાક ૧૯.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૦૩.૦૦ સુધી વાહન પાર્કિંગ પર પ્રતિબંધ રહેશે.

૫. નહેરુનગર સર્કલ થી શિવરંજની ચાર રસ્તા થઈ ઈસ્કોન ચાર રસ્તા સુધીના રોડ પર ખાનગી લક્ઝરીના પાર્કિંગ ઉપર પણ આ સમય દરમિયાન પ્રતિબંધ રહેશે.

નોંધ : ઉપર્યુક્ત પ્રતિબંધ દરમિયાન (તા.૩૧/૧૨/૨૦૨૫ રાત્રીના કલાક ૨૦.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૩.૦૦ સુધી) વાહન ચાલકોએ પ્રતિબંધિત વિસ્તાર સિવાયના પેરેરલ (સમાતંર) રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

અપવાદ :ફરજમાં રોકાયેલા તમામ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનોને આ જાહેરનામું લાગું પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને ઉપર મુજબની વિગતેના મુદ્દાઓમાં તારીખની સાથે જણાવેલ સમય મુજબ કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૬/૧૨/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૮/૨૦૨૫.-હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી), ૧૧૩ અંતર્ગત મળેલી સત્તાની રૂએ આગામી ઉત્તરાયણનાં તહેવાર અનુસંધાને જાહેર માર્ગો ઉપર ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે અને માર્ગ અકસ્માતો થતા નિવારવા સારુ નીચે મુજબનો હુકમ જારી કરૂ છું.

-: હુકમ :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણનાં તહેવારને અનુસંધાને તા.૧/૧/૨૦૨૬ થી ૩૧/૧/૨૦૨૬ સુધી કોઈપણ વ્યક્તિ જાહેરમાર્ગ ઉપર કોઈપણ વ્યક્તિને ઈજા અથવા ભય પમાડે તેવી રીતે પતંગ ઉડાવી શકશે નહી કે જાહેર માર્ગ ઉપર દોડી પતંગ પકડી શકશે નહી જે અંગેનો પ્રતિબંધ ફરમાવુ છું.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧/૧/૨૦૨૬ થી તા.૩૧/૧/૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૬/૧૨/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:-

(૧) નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/TET-I/જાહેરનામું/વશી.૧૦૯૧/૨૦૨૫ તા.૧૫/૧૨/૨૦૨૫ આધારે

(૨) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેરના પત્ર ક્રમાંક : જિશિઅ/પરીક્ષા/૨૦૨૫/૫૮૦૧ તા.૧૫/૧૨/૨૦૨૫

:- જાહેરનામું -:

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

નંબર/વિ.શા/એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૧૩૮/૨૦૨૫.-રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા શિક્ષક યોગ્યતા કસોટી-૧ (TET-1) ની પરીક્ષા તા.૨૧/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૨/૦૦ થી કલાક ૧૪/૦૦ દરમ્યાન સંદર્ભ નં.(૨) ના પત્રથી મળેલ યાદી મુજબ આ સાથે સામેલ રાખેલ અમદાવાદ શહેરના જુદા-જુદા-૧૩૩ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/

ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે** અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૨૧/૧૨/૨૦૨૫ ના સવાર કલાક ૧૦/૦૦ થી કલાક ૧૭/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૧૮/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

જી. એસ. મલિક,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

:: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબનું.

ક્રમાક ટ્રાફિક/મેટ્રો રેલ/મજુરાગેટ ઓવરબ્રિજ/જાહેરનામ ૧૧૧૩૦ /૨૦૨૫.-સુરત શહેર ખાતે મેટ્રો રેલ પ્રોજેકટ અંતર્ગત કાદરશાનીનાળ થી ખજોદ ડ્રીમસીટી સુધીના કોરીડોર ફેઝ-૧ માં આવેલ મજુરાગેટ ખાતે મજુરાગેટ ઓવરબ્રીજ ઉપર મેટ્રો રેલ ક્રોસ કરતાં હેવી ગડર ચઢાવ્યા બાદ ગડરની ઉપર સ્લેબ નાંખવાની કામગીરી ચાલુ થનાર હોય જે કામગીરી આશરે ૫૦ દિવસ સુધીમાં પુર્ણ થનાર છે. સદર અગત્યની કામગીરી શરૂ કરવા સારૂ રોજીંદા ટ્રાફિકને અડચણરૂપ ન થાય તેમજ વાહન ચાલકોની સલામતીને ધ્યાને રાખી સદર કામગીરી તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૨૩/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળામાં કલાક-૨૩/૦૦ થી કલાક-૦૬/૦૦ સુધી ફક્ત રાત્રી દરમ્યાન કામગીરી કરનાર હોય. જે માટે વાહનોની

સેફટીને ધ્યાને રાખી મજુરા ગેટ ઉપરના બન્ને તરફનો ઓવરબ્રીજ ક્લાક-૨૩/૦૦ થી ક્લાક-૦૬/૦૦ સુધી ફક્ત રાત્રી દરમ્યાન દરરોજ સંપુર્ણ બંધ કરી તમામ પ્રકારના વાહનોના અવર-જવર માટે બંધ કરનાર હોય, સદર જગ્યા પર હાલ ટ્રાફીકની અવર-જવર થાય છે જેને ડાયવર્ઝન આપવુ પડે તેમ છે. સદર કામગીરીવાળી જગ્યાએ કોઈ અકસ્માત ન સર્જાય તેમજ મેટ્રો રેલની અગત્યની કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવાની જરૂરીયાત મુજબ સદર જગ્યાએ રસ્તો બંધ કરવા બાબતે હંગામી જાહેરનામુ પ્રસિદ્ધ કરવું જનહિતાર્થે જરૂરી હોય જેથી સદર કામવાળા રૂટ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવું જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

:: હુકમ ::

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ સુરત શહેર વિસ્તારમાં આવેલ (૧) નવી સિવિલ હોસ્પીટલ ના ગેટ સામેથી અઠવાગેટ તરફ જતો મજુરા ગેટ ઉપરનો ઓવર બ્રીજ (૨) જુની RTO થી ઉધના દરવાજા તરફ જતો મજુરા ગેટ ઉપરનો ઓવર બ્રીજ (3) જુની RTO થી મજુરા ગેટ તરફ જતો ડાબી બાજુનો સર્વીસ રોડ ઉપર તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૨૩/૧૨/૨૦૨૫ સુધી દિન-૫૦ માટે રાત્રીનાં ક.૨૩/૦૦ થી સવારનાં ક.૦૬/૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: વૈકલ્પિક રૂટ ::

- મજુરાગેટ થી અઠવાગેટ તરફ જતો રોડ ટુ-વે કરવામાં આવશે જેમાં...

(૧) અઠવા ગેટથી જુની RTO થી જમણે બાજુ થઇ મજુરાગેટ તરફથી આવતા ડાબી સાઈડના રોડ ઉપરથી મજુરાગેટ થઇ મજુરાગેટ ઓવર બ્રીજ નીચેથી કડીવાળા ચાર રસ્તા તરફ તથા ઉધના દરવાજા ઓવર બ્રીજ ઉપરથી સુરત રેલ્વે સ્ટેશન તરફ જઈ શકાશે.

(૨) નવી સિવીલ હોસ્પીટલથી ડાબે ટર્ન લઇ ITI ના ગેટની સામેથી જમણી બાજુ થઇ મજુરા ગેટ ચાર રસ્તાથી ડાબી બાજુ ગાંધી ઈન્જીનરીંગની દિવાલ તરફના રોડ થઈ જુની RTO તરફ જતા ડાબી બાજુની એક સિંગલ લેન માંથી અઠવાગેટ તરફ જઈ શકાશે.

- દિવસ દરમ્યાન સવારનાં કલાક-૦૬/૦૦ થી રાત્રીના-૨૩/૦૦ સુધી રાબેતા મુજબ ઉપરોક્ત તમામ રસ્તા તથા ઓવર બ્રિજ વાહન વ્યવહાર માટે ખુલ્લા રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ જાહેરનામું તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૨૩/૧૨/૨૦૨૫ સુધી રાત્રીના કલાક-૨૩/૦૦ થી સવારનાં કલાક-૦૬/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૦૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત,
પોલીસ કમિશનર
સુરત શહેર.

BY PRINCIPAL DISTRICT JUDGE

Read:

1. Hon'ble High Court of Gujarat, Letter No. C.2103/1991, dated 07/01/1991.

2. Hon'ble High Court of Gujarat, Letter No. C.2103/2006, dated 30/12/2006.

3. Hon'ble High Court of Gujarat, Letter No. C.2103/2026, dated 19/12/2025.

NOTIFICATION

No.: B/6/1/1049/2025.-In exercise of the powers vested under paragraph 628 Chapter XXXI of the Civil Manual, Volume I, 1960, and in exercise of the powers conferred by sub-section (2) of Section 22 of the Gujarat Civil Courts Act, 2005 and in view of instructions and directions contained in the Hon'ble High Court's letters dated 07/01/1991, 30/12/2006

and 19/12/2025 cited in the preamble at Sr. Nos. 1 to 3, the Principal District Judge, Sabarkantha at Himmatnagar is hereby pleased to notify the closing of all the Civil Courts in the Judicial District of Sabarkantha during the ANNUAL SUMMER VACATION for commencing from 11th May, 2026, Monday to 07th June, 2026, Sunday (Both days inclusive) (The preceding and succeeding Saturdays, Sundays and Holidays shall form part of vacation).

The offices of the Nazir, Record-keeper of the District Court, Sabarkantha, Himmatnagar as well as Offices of the Nazir of the Subordinate Civil Courts in the Judicial District of Sabarkantha shall remain open during the annual summer vacation on all working days.

Sabarkantha at Himmatnagar. Dt.22/12/2025.

Read:

1. Hon'ble High Court of Gujarat Letter bearing No.C.2103/2026, dated 19/12/2025.

2. Hon'ble High Court of Gujarat Notification bearing No.C.2103/2026, dated 19/12/2025.

NOTIFICATION

No.: B/6-1/1048/2025.-In accordance with Para 625 of Civil Manual, 1960, the Principal District Judge, Sabarkantha at Himmatnagar is pleased to notify following days as Holidays to be observed in the YEAR 2026 for the District Judiciary, Sabarkantha. Therefore, the District Court and all subordinate Courts / Offices to it in the Judicial District of Sabarkantha shall remain closed on the following days:

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day
01.	Makar Sankranti	14th January, 2026	Wednesday
02.	Republic day	26th January, 2026	Monday
03.	Holi 2nd Day - Dhuleti	04th March, 2026	Wednesday
04.	Chetichand	19th March,2026	Thursday
05.	Ramjan-Eid (Eid-UL-Fitra) (1st Shawaal)	21st March,2026	Saturday
06.	Shree Ram Navmi	26th March,2026	Thursday
07.	Mahavir Janma Kalyanak	31st March,2026	Tuesday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2026	Tuesday
09.	Eid-Ul-Adha (Bakri-Eid)	27th May, 2026	Wednesday
10	Muharram (Ashoora)	26th June, 2026	Friday
11	1. Independence Day 2. Parsi New Year Day - Pateti (Parsi Shahenshahi)	15th August, 2026	Saturday
12	Eid-e-Meeladunnabi (Prophet Mohammad's Birthday) (bara vafat)	26th August, 2026	Wednesday
13	Raksha Bandhan	28th August, 2026	Friday
14	Janmashtami (Shravan Vad-8)	04th September, 2026	Friday
15	Samvatsari (Chaturthi Paksha)	15th September, 2026	Tuesday
16	Mahatma Gandhi's Birthday	2nd October, 2026	Friday
17	Dusshera (Vijaya Dashmi)	20th October, 2026	Tuesday
18	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 2026	Saturday
19	Additional Diwali Holiday	9th November, 2026	Monday
20	Vikram Samvant New Year Day	10th November, 2026	Tuesday
21	Bhai Bij	11th November, 2026	Wednesday

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day
22	Additional Diwali Holiday	12th November, 2026	Thursday
23	Additional Diwali Holiday	13th November, 2026	Friday
24	Guru Nanak's Birthday	24th November, 2026	Tuesday
25	Christmas	25th December, 2026	Friday

Note :-

(1) The following days have not been notified as Holidays, as they fall on Sunday.

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day
01.	Maha Shivratri (Maha vad-13)	26th February, 2026	Sunday
02.	Diwali	8th November, 2026	Sunday

(2) In addition to the holidays notified above, Officers and Staff of District Judiciary in the State of Gujarat may avail of maximum any two of the holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the list of the Optional Holidays declared vide Notification cited at Sr. No. 2, for the year 2026. Permission for availment of these optional holidays should however, be applied for in advance and will normally be granted by the officer competent to grant casual leave with due regard to the exigencies of Work. This leave for two days taken by Officers and Staff of the District Judiciary of Gujarat at their discretion on the festival of their choice will not be debited to their casual leave account.

(3) If any of the Muslim religion Holidays notified above, does not fall on the day notified, the Muslim Officers and Staff of the District Judiciary in the State of Gujarat may be granted an optional holiday on the day on which the holiday is actually observed.

(4) The District Judiciary in the State will work on the following Saturdays:

(i) 28.02.2026 (4th Saturday)

(ii) 08.08.2026 (2nd Saturday)

(iii) 10.10.2026 (2nd Saturday)

(5) Annual Summer Vacation:

From Monday, May 11, 2026, to Sunday 07th June, 2026 (Both Days Inclusive)

(The preceding and succeeding Saturdays, Sundays and Holidays shall form part of vacation)

Sabarkantha at Himmatnagar. Dt.22/12/2025.

K. R. RABARI,
Principal District Judge,
Sabarkantha at Himmatnagar.

Read:

1. Hon'ble High Court of Gujarat, Letter No. C.2103/2011, dated 15/11/2011.

2. Hon'ble High Court of Gujarat, Letter No. C.2103/2013, dated 27/12/2012.

3. GAD Notification No.GS/22/2025/JSR/2025/509/GH, dated 27/11/2025

4. Hon'ble High Court of Gujarat, Letter No. C.2103/2026, dated 19/12/2025.

NOTIFICATION

No.Adm./15 of 2025.-In accordance with the previous contained in Para 625, chapter-XXXI of the Civil Manual Volume-I, 1960, the Principal District Judge, Narmada at Rajpipla is pleased to notify following days as Holidays to be observed in the Year 2026. The District Court, Narmada at-Rajpipla and all Subordinate Courts to it in the Judicial District of Narmada shall remain closed on these days.

Sr. No.	Name of the Holidays	Date according to Gregorian Calendar	Day
01.	Makar Sankranti	14th January, 2026	Wednesday
02.	Republic day	26th January, 2026	Monday
03.	Holi 2nd Day - Dhuleti	04th March, 2026	Wednesday
04.	Chetichand	19th March,2026	Thursday
05.	Ramjan-Eid (Eid-UL-Fitra) (1st Shawaal)	21st March,2026	Saturday
06.	Shree Ram Navmi	26th March,2026	Thursday
07.	Mahavir Janma Kalyanak	31st March,2026	Tuesday
08.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2026	Tuesday
09.	Eid-Ul-Adha (Bakri-Eid)	27th May, 2026	Wednesday
10	Muharram (Ashoora)	26th June, 2026	Friday
11	1. Independence Day 2. Parsi New Year Day - Pateti (Parsi Shahenshahi)	15th August, 2026	Saturday
12	Eid-e-Meeladunnabi (Prophet Mohammad's Birthday) (bara vafat)	26th August, 2026	Wednesday
13	Raksha Bandhan	28th August, 2026	Friday
14	Janmashtami (Shravan Vad-8)	04th September, 2026	Friday
15	Samvatsari (Chaturthi Paksha)	15th September, 2026	Tuesday
16	Mahatma Gandhi's Birthday	2nd October, 2026	Friday
17	Dusshera (Vijaya Dashmi)	20th October, 2026	Tuesday
18	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 2026	Saturday
19	Additional Diwali Holiday	9th November, 2026	Monday
20	Vikram Samvant New Year Day	10th November, 2026	Tuesday
21	Bhai Bij	11th November, 2026	Wednesday
22	Additional Diwali Holiday	12th November, 2026	Thursday
23	Additional Diwali Holiday	13th November, 2026	Friday
24	Guru Nanak's Birthday	24th November, 2026	Tuesday
25	Christmas	25th December, 2026	Friday

Note :-

(1) The following days have not been notified as Holidays, as they fall on Sunday.

01.	Maha Shivratri (Maha vad-13)	15th February, 2026	Sunday
02.	Diwali	08th November, 2026	Sunday

(2) If any of the Muslim religion Holidays notified above, does not fall on the day notified, the Muslim Officers and Staff working on the establishment of District Court, Narmada at-Rajpipla may be granted an Optional Holiday on the day on which the holiday is actually observed, as per notification of Hon'ble High Court of Gujarat.

(3) The District Court and Taluka Courts of Narmada District will work on the following Saturdays:

(i) 28.02.2026 (4th Saturday)

(ii) 08.08.2026 (2nd Saturday)

(iii) 10.10.2026 (2nd Saturday)

(4) In addition to the holidays notified above, Government Employees may avail of maximum any two of the holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the list of the Optional Holidays declared by the Government for the Year-2026. Permission for availment of these Optional Holidays should however, be applied for in writing in advance and will normally be granted by the officer competent to grant casual leave with due regard to the exigencies of Government work, which should not be affected in any way whatsoever. This leave of two days taken by Government Employees at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

(5) Annual Summer Vacation: From (Monday) 11.05.2026 to Sunday 07.06.2026 (Both Days Inclusive)

Narmada at-Rajpipla. Dt.20/12/2025.

R. T. PANCHAL,
Principal District Judge,
Narmada at-Rajpipla.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વાંચ્યા //

1. કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાનાઓના પત્ર જા.નં. એનએચડી/પીબી/૧૦૭૩/૨૦૨૫, તા.૨૮/૧૦/૨૦૨૫.

2 અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૨૨૧૫/૨૦૨૫, તા.૧૩/૧૧/૨૦૨૫

3. કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાનાઓના પત્ર જા.નં.એનએચડી પીબી/૧૨૭૪/૨૦૨૫, તા.૦૬/૧૨/૨૦૨૫

// જાહેરનામું //

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧નીકલમ-૩૩ (૧) હેઠળનું.

નં.એમએજી/વશી/૨૩૬૫/૨૦૨૫.-વંચાણ-(૧) થી છોટાઉદેપુર જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-56 પર પાવીજેતપુર પાસે શિહોદ ચોકડી પાસે આવેલ ટેમ્પરરી ડાયવર્ઝન પર તા.૨૧/૦૬/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ નાં રોજ અતિભારે વરસાદ અને ઉપરવાસ માંથી ભારજ નદીમાં પાણીની અતિભારે આવક અને પ્રવાહ આવતા ટેમ્પરરી ડાયવર્ઝનને નુકશાન થવાને કારણે તથા પાવીજેતપુર ખાતે ચે.405/985 પરના સ્ટ્રક્ચરમાં નુકસાન થવાના કારણે નીચે મુજબ ભારજ પુલ પર તેમજ ટેમ્પરરી ડાયવર્ઝન ઉપરથી વાહન-વ્યવહાર બંધ કરવા તેમજ વાહન વ્યવહાર પસાર ન કરવાનું અને પાવીજેતપુર ખાતે રો. 405/985 પરના સ્ટ્રક્ચરમાં માત્ર ૩૦ ટન સુધીના કુલ વજનવાળા વાહનો પસાર થઈ શકે તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ- (૨) થી તા.૧૩/૧૧/૨૦૨૫ થી તા.૧૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું રીન્યુ કરવા માંગણી કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાની માંગણી અનન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, ૨ છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ આથી ભારજ પુલ પર તેમજ ટેમ્પરરી ડાયવર્ઝન ઉપરથી સંપૂર્ણ વાહન-વ્યવહાર બંધ કરવા તેમજ પાવી જેતપુર ગ્રામ પંચાયત પાસે હયાત સ્લેબ ટ્રેન પર કુલ-૩૦ ટન સુધીના વાહનો પસાર થવા દેવા તેમજ ૩૦ ટન થી વધારે વજન વાળા વાહનો માટે નીચે મુજબનું ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

1. મોડાસર ચોકડી થી છોટાઉદેપુર જતાં નાના વાહનો તથા ૩૦ ટન સુધીના કુલ વજનવાળા સુધીના વાહનો મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી થઈ રતનપુર, વનકુટીર ત્રણ રસ્તા થઈ જેતપુરપાવી થઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૬ થઈ જઈ શકશે.

2. છોટાઉદેપુર થી બોડેલી અને વડોદરા તરફ આવતા નાના વાહનો તથા ૩૦ ટન સુધીના કુલ વજનવાળા વાહનો જેતપુરપાવી, વનકુટીર ત્રણ રસ્તા થઈ રંગલી ચોકડી થી મોડાસર ચોકડી જઈ શકશે.

3. બોડેલી થી છોટાઉદેપુર તરફ આવતા ૩૦ ટન વધારે વજન વાળા ભારે વાહનો વગેરે મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી થઇ પાનવડ થઈ છોટાઉદેપુર જઈ શકશે.

4. છોટાઉદેપુર થી બોડેલી તરફ આવતા ૩૦ ટન વધારે વજન વાળા ભારે વાહનો વગેરે છોટાઉદેપુર થી પાનવડ થઈ રંગલી ચોકડી થઈ મોડાસર ચોકડી થઈ બોડેલી જઈ શકશે.

5. કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

6. સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૬ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪×૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગના અધિકારીશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ, આર.ટી.ઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને ભારજ નદી પરના પુલ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું ઈ-સાઈન થયા તારીખ થી તા.૧૪/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

// સજા //

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૭/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. આસિસ્ટન્ટ ડિવિઝન એન્જીનીયરશ્રી (ઉત્તર), પશ્ચિમ રેલવે, વડોદરાના પત્ર No W/350/1, તા.૧૬/૧૨/૨૦૨૫

2 પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક: ટ્રાફિક/અભિપ્રાય/૪૨૮/૨૦૨૫, તા.૨૦/૧૨/૨૦૨૫

3. કાર્યપાલક ઈજનેરશ્રી, છોટાઉદેપુર (મા.મ.) સ્ટેટ વિભાગ, છોટાઉદેપુરના પત્ર જા.નં. પીબી/૨૭૫૦/૨૦૨૫, તા.૧૯/૧૨/૨૦૨૫

// જાહેરનામું //

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) હેઠળનું.

નં.એમએજી/વશી/૨૪૨૧/૨૦૨૫.-વંચાણ-(૧) થી આસિસ્ટન્ટ ડિવિઝન એન્જીનીયરથી (ઉત્તર), પશ્ચિમ રેલવે, વડોદરાના પત્રથી બોડેલી યાર્ડ સ્ટેશન ખાતે આવેલ લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવરહોલિંગ માટે તારીખ 26-12-2025 ના રોજ સવારે 10:00 કલાકથી 28-12-2025 ના રોજ સવારે 10:00 કલાક સુધી કામ આયોજનમાં લઈ સદરહું સમયગાળા દરમિયાન નીચે મુજબ ટ્રાફિક ડાયવર્ઝન આપી રોડ ટ્રાફિક બંધ રાખવાની પરવાનગી આપવા તથા માર્ગ ઉપયોગકર્તાઓને માહિતી આપવાની અને ટ્રાફિક ડાયવર્ઝન માટે જરૂરી વ્યવસ્થાઓ કરવા માંગણી કરેલ છે.

વંચાણ-(૨) થી પોલીસ અધિક્ષકશ્રી છોટાઉદેપુરનાઓએ સદરહુ કામે નીચે મુજબની વિગતે વૈકલ્પિક રોડ વ્યવસ્થા(ટ્રાફિક ડાયવર્ઝન) કરવા માટે અભિપ્રાય આપેલ છે.

ભારદારી વાહનો માટેનો રૂટ

1. વડોદરા-સંખેડા તરફથી આવતા ભારદારી વાહનો બોડેલી અલીપુરા ચોકડી થી જાંબુઘોડા થી ઉચાપાન થી વાંકી ચોકડી થી મોટીબેજ ગામથી ઘુંટીયા ગામે થઈને ડુંગરવાંટ બ્રિજની બાજુમાં ડાયવર્ઝન થઈ કીકાવાડા, તેજગઢ, છોટાઉદેપુર, મધ્યપ્રદેશ તરફ જઈ શકાશે.

2. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા ભારદારી વાહનો તેજગઢ, કીકાવાડા, ડુંગરવાંટ બ્રિજની બાજુમાં ડાયવર્ઝન થઈ. ઘુંટીયા ગામે થઈને મોટીબેજ ગામથી વાંકી ચોકડી થી ઉચાપાન થી જાંબુઘોડા થઈને બોડેલી . અલીપુરા ચોકડી થી સંખેડા વડોદરા તરફ જઈ શકાશે.

નાના (હળવા વાનો માટનો રૂટ)

1. વડોદરા-સંખેડા તરફથી આવતા નાના (હળવા) વાહનો માટે નર્મદા કેનાલ થઈ ઝાંખરપુરા, નર્મદા કેનાલ બ્રિજ, મોડાસર ચોકડી, ઓરસંગ બ્રિજ થઈ ઢોકલીયા ચોકડી, જબુગામ, શિહોદ થઈ, વાંકી, ડુંગરવાંટ થઈ તેજગઢ છોટાઉદેપુર તરફ જઈ શકાશે.

2. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા નાના (હળવા) વાહનો માટે તેજગઢ, ડુંગરવાંટ, વાંકી, શિહોદ, જબુગામ, ઢોકલીયા ચોકડી, ઓરસંગ બ્રિજ, મોડાસર ચોકડી થી નર્મદા કેનાલ બ્રિજ, ઝાંખરપુરા, નર્મદા કેનાલ થઈ સંખેડા, વડોદરા તરફ જઈ શકાશે.

3. વડોદરા-સંખેડા તરફથી આવતા નાના (હળવા) વાહનો માટે નર્મદા કેનાલ થઈ ઝાંખરપુરા, નર્મદા કેનાલ બ્રિજ, મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી, જેતપુરપાવી, છોટાઉદેપુર તરફ જઈ શકાશે.

4. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા નાના (હળવા) વાહનો માટે જેતપુરપાવી, રંગલી ચોકડી, મોડાસર ચોકડી થી નર્મદા કેનાલ બ્રિજ ઝાંખરપુરા, નર્મદા કેનાલ થઈ સંખેડા, વડોદરા તરફ જોઈ શકાશે.

આમ, વંચાણ-(૧) થી આસિસ્ટન્ટ ડિવિઝન એન્જીનીયરથી (ઉત્તર૨) પશ્ચિમ રેલવે, વડોદરાની બોડેલી યાર્ડ સ્ટેશન ખાતે આવેલ લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવરહોલિંગ માટે તારીખ 26-12-2025 ના રોજ સવારે 10:00 કલાકથી 28 12-2025 ના રોજ સવારે 10:00 કલાક સુધી કામ આયોજનમાં લઈ સદરહું સમયગાળા દરમિયાન નીચે મુજબ ટ્રાફિક ડાયવર્ઝન આપી રોડ ટ્રાફિક બંધ રાખવાની પરવાનગી આપવા તથા માર્ગ ઉપયોગકર્તાઓને માહિતી આપવાની અને ટ્રાફિક ડાયવર્ઝન માટે જરૂરી વ્યવસ્થાઓ કરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવું જરૂરી જણાય છે.

જેથી, હું ગાગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

- બોડેલી યાર્ડ સ્ટેશન ખાતે આવેલ લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવરહોલિંગની કામગીરી દરમિયાન વાહનો માટે ડાયવર્ઝન નીચે મુજબનું રહેશે.

ભારદારી વાહનો માટેનો રૂટ

1. વડોદરા-સંખેડા તરફથી આવતા ભારદારી વાહનો બોડેલી અલીપુરા ચોકડી થી જાંબુઘોડા થી ઉચાપાન થી વાંકી ચોકડી થી મોટીબેજ ગામથી ઘુંટીયા ગામે થઈને ડુંગરવાંટ બ્રિજની બાજુમાં ડાયવર્ઝન થઈ કીકાવાડા, તેજગઢ, છોટાઉદેપુર, મધ્યપ્રદેશ તરફ જઈ શકાશે.

2. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા ભારદારી વાહનો તેજગઢ, કીકાવાડા, ડુંગરવાંટ બ્રિજની બાજુમાં ડાયવર્ઝન થઈ ઘુંટીયા ગામે થઈને મોટીબેજ ગામથી વાંકી ચોકડી થી ઉચાપાન થી જાંબુઘોડા થઈને બોડેલી - અલીપુરા ચોકડી થી ગોલાગામડી થઈ સંખેડા વડોદરા તરફ જઈ શકાશે.

નાના (હળવા વાહનો માટનો રૂટ)

1. વડોદરા-સંખેડા તરફથી આવતા નાના (હળવા) વાહનો માટે નર્મદા કેનાલ થઈ ઝાંખરપુરા, નર્મદા કેનાલ બ્રિજ, મોડાસર ચોકડી, ઓરસંગ બ્રિજ થઈ ઢોકલીયા ચોકડી, જબુગામ, શિહોદ થઈ, વાંકી, ડુંગરવાંટ થઈ તેજગઢ છોટાઉદેપુર તરફ જઈ શકાશે.

2. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા નાના (હળવા) વાહનો માટે તેજગઢ, ડુંગરવાંટ, વાંકી, શિહોદ, જબુગામ, ઢોકલીયા ચોકડી, ઓરસંગ બ્રિજ, મોડાસર ચોકડી થી નર્મદા કેનાલ બ્રિજ, ઝાંખરપુરા, નર્મદા કેનાલ થઈ સંખેડા, વડોદરા તરફ જઈ શકાશે.

3. વડોદરા-સંખેડા તરફથી આવતા નાના (હળવા) વાહનો માટે નર્મદા કેનાલ થઈ ઝાંખરપુરા, નર્મદા કેનાલ બ્રિજ, મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી, જેતપુરપાવી, છોટાઉદેપુર તરફ જઈ શકાશે.

4. છોટાઉદેપુર થી બોડેલી-વડોદરા તરફ જતા નાના (હળવા) વાહનો માટે જેતપુરપાવી, રંગલી ચોકડી, મોડાસર ચોકડી થી નર્મદા કેનાલ બ્રિજ, ઝાંખરપુરા, નર્મદા કેનાલ થઈ સંખેડા, વડોદરા તરફ જઈ શકાશે.

- આસિસ્ટન્ટ ડિવિઝન એન્જીનીયશ્રી (ઉત્તર૨), પશ્ચિમ રેલવે, વડોદરા તથા કાર્યપાલક ઈજનેરશ્રી, છોટાઉદેપુર સ્ટેટ (મા.મ) વિભાગ, છોટાઉદેપુર દ્વારા સદરહું જાહેરનામાં અન્વયે ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

- સદરહું લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવરહોલિંગની કામગીરી દરમિયાન આપવામાં આવેલ વૈકલ્પિક રોડ વ્યવસ્થા (ટ્રાફિક ડાયવર્ઝન)ના માર્ગ ઉપર ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક પોલીસ દ્વારા જરૂરી પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે.

- આ જાહેરનામાંના સમયગાળા દરમિયાન જ લેવલ ક્રોસિંગ નં. 65 ની વાર્ષિક જાળવણી તથા ઓવર હોલિંગની કામગીરી પૂર્ણ

કરવાની રહેશે.

//અમલવારીનો સમય//

સદરહુ જાહેરનામું તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦ : ૦૦ કલાકથી તા.૨૮/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦ : ૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

સદરહું હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા આસિસ્ટન્ટ ડીવીઝનલ એનજિનીયર (નોર્થ) પશ્ચિમ રેલવે, વડોદરા તથા છોટાઉદેપુર (મા.મ) વિભાગ,(સ્ટેટ)ના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતાં અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૭/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ગાર્ગી જૈન, IAS
જિલ્લા મેજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :- પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી/જાહેરનામા/૨૩૬૩/૨૦૨૫, તા.૨૨/૧૨/૨૦૨૫.

:: જાહેરનામુ ::

:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::

નં.એમએજી/નો ફલાય ઝોન જાહેરનામું/વશી/૧૮૪૧/૨૦૨૫.–પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટેલીજન્સ), સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગાંધીનગરના પત્ર ક્રમાંક :જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧, તા.૦૧/૧૧/૨૦૨૧થી અત્રેના જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રિટીકલ/ સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન, યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલ સંકલિત માહિતી મોકલેલ. જેમાં મહીસાગર જિલ્લાના ૪૧-ઝોન પૈકી ૨૨-રેડ ઝોન તથા ૧૯-યલો ઝોન જાહેર કરેલ. અત્રેના જિલ્લા વિસ્તારમાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન, યલો ઝોન જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરનાઓએ વંચાણે લીધેલ પત્રથી દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ સમગ્ર મહીસાગર જિલ્લાના સામેલ પરિશિષ્ટ-૧ મુજબના વિસ્તારોને રેડ ઝોન અને યલો ઝોન જાહેર કરવા ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામા અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપલા દરજજાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તા.૨૫/૧૨/૨૦૨૫ થી તા.૨૨/૦૨/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

બિડાણ : પરિશિષ્ટ : ૧

City/ District	SR NO	Name of Place	Full Postal Address	Criteria of recommendation As per point no.4 of MHA SOP Dated 16/12/2016 Please mention exact category amongst sub point "a" to "n")	Recommended Zone Red/Yellow	Latitude	Longitute	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated
Mahisagar	1	Mahisagar District Court	Near seva sadan, Vardhari road, Lunawada	C	Yellow	23.125847	73.601017	200 mtr
	2	SP Office and Collector office Mahisaagar	Near seva sadan, Vardhari road, Lunawada	M	Yellow	23.126872	73.602083	200 mtr
	3	Telephone Exchange At-Lunawada Di-Mahisagar	Near Vardhari Road Lunawada	J	Yellow	23.13057	73.60848	200 mtr
	4	Telephone Exchange At Kothamba Di-Mahisagar	At:Kothamba Dist: Mahisagar	J	Yellow	23.01488	73.5226	100 mtr
	5	Telephone Exchange At-Balasinor Di-Mahisagar	At Balasinor Dist: Mahisagar	J	Yellow	22.956171	73.337013	100 mtr
	6	Telephone Exchange At-Virpur Di-Mahisagar	At-Virpur Dist:Mahisagar	J	Yellow	23.18889	73.4758	100 mtr
	7	Telephone Exchange At-Santrampur Di-Mahisagar	At-Santrampur Dist:Mahisagar	J	Yellow	23.195943	73.89306	100 mtr
	8	Mahi River Bridge	At:Madhavas Ta. Lunawada. Dist:Mahisagar	J	Yellow	23.13057	73.60848	500 mtr
	9	Panam River Bridge	Near Godhara Road, Lunawada, Dist: Mahisagar	J	Yellow	23.13057	73.60848	500 mtr
	10	Mah River Bridge Aagarvada	At Aagarvada, Ta. Lunawada, Dist:Mahisagar	J	Yellow	23.06429	73.47103	500 mtr
	11	Chibota River Bridge	At Santrampur, Dist: Mahisagar	J	Yellow	23.195172	73.888368	500 mtr

	12	Ghodiyar Bridge	At:Ghodiyar, Ta kadana, Dist: Mahisagar	J	Yellow	23.285882	73.831191	500 mtr
	13	Civil Hospital Lunawada	Near Cottage Chokadi Lunawada Dist: Mahisagar	J	Yellow	23.11826	73.61072	500 mtr
	14	Electric Power Sub Station 220 KV-Savdas Na Muvaca	At-Savdas Na Muvada Ta:Lunawada Dist Mahisagar	J	Red	23.17224	73.696332	500 mtr
	15	Electric Power Sub Station 66 KV-Lunawada	Near Panam River Bridge, Lunawada, Dist: Mahisagar	J	Red	23.107876	73.610695	500 mtr
	16	Electric Power Sub Station 56 KV Kothamba	At Kothamba Dist: Mahisagar	J	Red	23.034493	73.518291	500 mtr
	17	Electric Power Sub Station 66 KV-Movasa	At Movasa, Ta Santrampur, Dist: Mahisagar	J	Red	23.20096	73.741988	500 mtr
	18	Electric Power Sub Station 66 KV-Varchari	At Vardhani, Ta Lunawada, Dist Mahisagar	J	Red	23.115099	73.468768	500 mtr
	19	Electric Power Sub Station 66 KV- Sadhakpur	At Sadhakpur, Ta Lunawada, Dist:Mahisagar	J	Red	23.134561	73.419296	500 mtr
	20	Electric Power Sub Station 66 KV-Limadiya	At Limadiya, Ta Khanapur, Dist: Mahisagar	J	Red	23.230642	73.569957	500 mtr
	21	Electric Power Sub Station 66 KV-Bakor	At Bakor, Ta Khanpur, Dist Mahisagar	J	Red	23.350978	73.620132	500 mtr
	22	Electric Power Sub Station 66 KV-Khanpur	At:Khanpur, Ta:Khanpur, Dist: Mahisagar	J	Red	23.286452	73.679828	500 mtr
	23	Electric Power Sub Station 66 KV-Ditvas	At: Ditvas, Ta: Kadana, Dist:Mahisagar	J	Red	23.429529	73.77631	500 mtr
	24	Electric Power Sub Station 66 KV-Santrampur	At:Santrampur, Dist: Mahisagar	J	Red	23.193292	73.891963	500 mtr
	25	Electric Power Sub Station 66 KV-Limada Muvadi	At:Limada Muvadi, Dist: Mahisagar	J	Red	23.177469	73.815947	500 mtr
	26	Electric Power Sub Station 66 KV-Valakhedi	At:Valakhedi, Ta:Santrampur, Dist:Mahisagar	J	Red	23.135544	73.930236	500 mtr
	27	Electric Power Sub Station 66 KV-Pandava	At: Pandava, Ta: Balasinor, Dist:Mahisagar	J	Red	23.067747	73.395211	500 mtr

	28	Electric Power Sub Station 66 KV-Jorapura	At:Jorapura, Ta: Balasinor, Dist:Mahisagar	J	Red	23.017296	73.369731	500 mtr
	29	Electric Power Sub Station 66 KV-Bhanthala	At:Bhanthala, Ta: Balasinor, Dist:Mahisagar	J	Red	23.050775	73.306657	500 mtr
	30	Electric Power Sub Station 66 KV-Balasinor	At:Balasinor, Ta: Balasinor, Dist:Mahisagar	J	Red	22.9468	73.330851	500 mtr
	31	Electric Power Sub Station 66 KV-Virpur	At:Virpur, Ta: Virpur Dist: Mahisagar	J	Red	23.184552	73.476018	500 mtr
	32	Kadana Hydro-electric Power Station Kadana	At:Kadana Ta.Kadana Dist:Mahisagar	J	Red	22.27601	73.18106	5 km
	33	Oreva Power Station Vanakbori	At:Vanakbori, Ta: Balasinor, Dist:Mahisagar	J	Red	22.949233	73.425058	5 km
	34	Kadana Dam	At:Kadana Ta.Kadana Dist: Mahisagar	J	Red	23.305814	73.825629	5 km
	35	Vanakbori Dam	At: Vanakbori, Ta: Balasinor, Dist:Mahisagar	J	Red	22.949233	73.425058	5 km
	36	Bhadar Dam	At:Khanpur, Ta:Khanpur, Dist:Mahisagar	J	Red	23.324937	73.691725	5 km
	37	Water Supply Plant-Lunawada	At: Maheloliya, Ta:Lunawada, Dist: Mahisagar	J	Yellow	23.11508	73.629586	500 mtr
	38	Water Supply Plant-Balasinor	At:Handiya, Ta:Balasinor, Dist: Mahisagar	J	Yellow	22.929214	73.335591	500 mtr
	39	Water Supply Plant-Santrampur	At:Santrampur, Dist: Mahisagar	J	Yellow	23.198736	73.877451	500 mtr
	40	Police Headquarters Mahisagar	Near Circuit House, Lunawada, Dist:Mahisagar	M	Yellow	23.118482	73.615697	500 mtr
	41	JK Cement Works Balasinor	Godhara-Ahemadabad Bypass road Balasinor, Dist:mahisagar	G	Yellow	22.940083	73.306501	500 mtr

લુણાવાડા. તા.૨૧/૧૨/૨૦૨૫.

:: જાહેરનામુ ::

:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું. ::

નં.એમએજી/જાહેરનામાં/વશી/૧૮૪૨/૨૦૨૫.–તાજેતરમાં રાજ્યમાં જુદા જુદા જીલ્લાઓમાં આવેલ જળાશયો (નદીઓ, નહેરો, તળાવો, દરીયો) માં નહાવા પડેલ વ્યકતીઓના ડૂબી જવાથી મરણ થવા અંગે ઘટનાઓ ધ્યાને આવેલ છે. જે બાબત અતિ ગંભીર છે. જેથી આવા ભયજનક સ્થળો કે જ્યાં કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓના જળાશયોમાં પ્રવેશવાથી ડૂબાવાનું જોખમ રહેલ છે ત્યાં જાહેર સલામતી, લોકોના જાન, સ્વાસ્થય અને સલામતીને થતું જોખમ અટકાવવા આવા જળાશયોમાં/જોખમી સ્થાનોએ પ્રવેશ અટકાવવો જાહેર હિતમાં ઈચ્છનીય છે.

વાસ્તે હું સી.વી.લટા (જી.એ.એસ), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર-લુણાવાડા, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગર-લુણાવાડા ના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર મહીસાગર જિલ્લામાં તા.૨૫/૧૨/૨૦૨૫ થી તા.૨૨/૦૨/૨૦૨૫ સુધી નીચે મુજબનાં કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

1. મહીસાગર જિલ્લામાં આવેલ તમામ નદીઓ, તળાવો, નાળા, નહેરો, ચેકડેમો, કોઝ-વે તથા નાના-મોટા ધોધ જેવા પાણીનું ભારે વહેણ ધરાવતાં ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ/પ્રવાસીને નાહવા, તરવા જવા, કપડાં ધોવા જવા કે માછલી પકડવા જવા ઉપર તથા જળાશયોના ઉંડા પાણીમાં પ્રવેશ કરવા તેમજ તે માટે મદદગારી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.
2. સમગ્ર મહીસાગર જિલ્લામાં આવેલ તમામ કોઝ-વે ઉપર પાણીનું વહેણ ચાલુ હોય ત્યારે કોઈ વ્યક્તિએ જાતે અથવા વાહન સાથે કોઝ-વે ઉપરથી પસાર થવું નહી.
3. ઉપરના તામાં ભયજનક સ્થળોએ જોખમી રીતે ઊભા રહી મોબાઈલ/કેમેરામાં ફોટા/સેલ્ફી લેવાં નહી.

મુક્તિ

આ હુકમ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા આપત્તિ વ્યવસ્થાપન માટે મુકાયેલ કર્મચારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અમલવારીનો સમય

આ હુકમ તા.૨૫/૧૨/૨૦૨૫ થી તા.૨૨/૦૨/૨૦૨૬ (બંને દિવસ સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે પોલીસ વિભાગના હેડ કોન્સટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કારવામાં આવે છે.

લુણાવાડા. તા.૨૧/૧૨/૨૦૨૫.

સી. વી. લટા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું. ::

નં.એમએજી/તહેવાર/વશી.૯૪૦૭ થી ૯૪૪૧/૨૦૨૫.–સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

